પરીક્ષા વિભાગ

# ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ–કચ્છ(૩૭૦૦૧૫) ફોન નં. ૦૨૮૩૨–૨૩૦૩૦૦

web : www.kskvku.ac.in

## કચ્છ યુનિવર્સિટી દ્વારા પરીણામ જાહેર થયા બાદ પોતાની ઉત્તરવહીના રૂબરૂ અવલોકન માટેની માર્ગદર્શિકા.

૧ વેબસાઈટ પર મુકેલ સમયપત્રક મુજબ વિદ્યાર્થીએ પોતે સ્વખર્ચે આવવાનું રહેશે.નિયત કરવામાં આવેલ સમયપત્રક બાદ ઉત્તરવહી બતાવવામાં આવશે નહી.

૨ ઉત્તરવહીના અવલોકન/ગુણ ચકાસણી માટે વિદ્યાર્થીને ૩૦ મિનિટનો સમય આપવામાં આવશે.

૩ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી ધ્વારા નકકી કરવામાં આવેલ સ્થળપર સમયસર હાજર રહેવાનું રહેશે.વિદ્યાર્થી અંદરોઅંદર વાતચીત કરી શકશે નહી.

૪ વિદ્યાર્થી વર્ગખંડમાં પ્રવેશતા પહેલા કોઈ પણ પ્રકારના ડિજીટલ/ભૌતિક સામગ્રી સ્વજોખમે વર્ગખંડની બહાર રાખવાની રહેશે.

૫ વિદ્યાર્થીને કોઈપણ પ્રકારનો પ્રશ્ન હોય તો તે વર્ગખંડમાં અવલોકન વખતે ડીનશ્રીને જાણ કરવાની રહેશે.

૬ રૂબરૂ અવલોકન દરમ્યાન માત્ર નીચે મુજબની ક્ષતિ ધ્યાને લેવાશે.

A. ઉત્તરવહી ઉપર પરિક્ષક દ્વારા કરવામાં આવેલ ટોટલમાં ક્ષતિ.

B. પરીક્ષક દ્વારા પ્રશ્ન અનુસાર મુકવામાં આવેલ માર્કસના ટોટલ અને ઉત્તરવહીના મુખ્ય પાના ઉપર મુકવામાં આવેલ ટોટલનો તફાવત.

C. કોઈ પ્રશ્ન તપાસવાનો બાકી હોય.

૭ વિદ્યાર્થી વર્ગખંડમાં પોતાની પેન લઈ જઈ શકશે નહી.

૮ વિદ્યાર્થીને ઉત્તરવહીના મૂલ્યાંકનમાં અસંતોષ હોય તો પુનઃ મૂલ્યાંકનનું (Re-assessment) ફોર્મ એક દિવસમાં જરૂરી આધારો સાથે પરીક્ષા વિભાગમાં ભરવાનું રહેશે.

૯ ઉત્તરવહીના રૂબરૂ અવલોકન દરમ્યાન ઉત્તરવહી દિઠ **Rs.**૧૦૦/- અને પુનઃ મૂલ્યાંકન માટે **Rs.**૨૦૦/- ફી ભરવાની રહેશે.

૧૦ મેડિકલ ફેકલ્ટીમાં રૂબરૂ અવલોકન/મૂલ્યાંકન ઉત્તરવહી દિઠ **Rs.** ૧૦૦૦/- અને પુનઃ મૂલ્યાંકનના ઉત્તરવહી દિઠ**Rs.**૨૦૦૦/- પરીક્ષા વિભાગમાં ભરવાના રહેશે.

૧૧ નકકી કરેલ સમયપત્રક મુજબ જ વિદ્યાર્થી પોતે જ હાજર રહી શકશે.અન્ય વ્યક્તિ/વાલી હાજર રહી શકશે નહી.

૧૨ ઉત્તરવહી રૂમની બહાર લઈ જઈ શકાશે નહી.

૧૩ ઉત્તરવહીના રૂબરૂ અવલોકન માટે વિદ્યાર્થીએ માર્કશીટની નકલ/હોલ ટીકીટ/આઈ.કાર્ડ સાથે લાવવાનું રહેશે.

૧૪ **https://www.kskvku.ac.in/admin/circular-files/371.pdf** પરીપત્ર જોઈ લેવાનો રહેશે.

૧૫ રીઝલ્ટ નોટીફીકેશન દર્શાવવામાં આવેલ તારીખના ૧૦ દિવસની અંદર રૂબરૂ અવલોકન માટે અરજી કરવાની રહેશે.

૧૬. આર.ટી.આઈ એકટ,૨૦૦૫ના પ્રકરણ-૧ની કલમ નંબર-૨(જે)(આઈ) મુજબ દસ્તાવેજ/ઉત્તરવહીની તપાસ અન્વયે,જે વિદ્યાર્થી આર.ટી.આઈ હેઠળ ઉત્તરવહીનું અવલોકન કરવા માટે ઈચ્છા ધરાવે તે વિદ્યાર્થીએ રૂબરૂમાં હાજર રહી ઉત્તરવહીનું અવલોકન કરવાનું રહેશે.વધુમાં જણાવવાનુકે,ઉપર્યુક્ત નિયમાનુસાર હવેથી આર.ટી.આઈ હેઠળ વિદ્યાર્થી ઉત્તરવહીનું અવલોકન કરી શકશે,પરતું ઉત્તરવહીની નકલ મેળવી/માંગી શકશે નહિ.જેની સર્વે વિદ્યાર્થીઓએ નોધ લેવી.

૧૭ જરૂરી અપડેટ યુનિવર્સિટીની વેબસાઈટ પર સમયાંતરે વિદ્યાર્થીએ જોતા રહેવાનું રહેશે અને બંધનકર્તા રહેશે.

કુલસચિવ ૬/૧/૨૪

કચ્છ યુનિવર્સિટી,ભુજ

# ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા
# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, મુન્દ્રા રોડ – (ભુજ કચ્છ)
Email-coe@kskvku.ac.in

ફોન નં.: [illegible]
web: kskvku.ac.in

રેફ:ક.યુ/પ.વિ/RTI/RC&RA/૨૦૨૪/ ૧૫૫૭

તા.૦૧/૦૩/૨૦૨૪

પ્રતિ,
વિદ્યાર્થી મિત્રો,
અધ્યક્ષશ્રી / આચાર્યશ્રી / અધ્યાપકશ્રીઓ,
સંલગ્ન વિભાગ / કોલેજ તમામ
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ (કચ્છ)

**વિષય:–** આર.ટી.આઇ./રી–ચેકિંગ/રી–એસેસમેન્ટની રીવાઇઝ એસ.ઓ.પી.ના અમલીકરણ બાબત.
**સંદર્ભ:–** તા.૨૦/૦૩/૨૦૨૪ ના રોજ માનનીય કુલપતિશ્રીની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે.

શ્રીમાન,

કચ્છ યુનિવર્સિટીની માર્ચ–એપ્રિલ ૨૦૨૪ ની પરીક્ષાથી માનનીય કુલપતિશ્રી નોંધ પરની મંજૂરી અન્વયે રૂબરૂ ઓબ્ઝર્વેશન/રી–ચેકિંગ,રી–એસેસમેન્ટની પ્રક્રિયા માટે નીચે મુજબની એસ.ઓ.પી (રીવાઇઝ) અમલી કરવામાં આવશે. જેની સર્વે વિધાર્થીઓએ નોધ લેવી.

- ➢ વિધાર્થીઓને ઉતરવહીના રૂબરૂ ઓબ્ઝર્વેશન માટે ૩૦ (ત્રીસ) મિનિટનો સમય આપવામાં આવશે.
- ➢ ઉત્તરવહીના ઓબ્ઝર્વેશન માટેનું સમયપત્રક કચ્છ યુનિવર્સિટીની વેબસાઇટ પર અપલોડ કરવામાં આવશે.
- ➢ ઓબ્ઝર્વેશન/રી–ટોટલીગ માટે રીઝલ્ટ આવ્યાના દિન – ૧૦ માં કચ્છ યુનિવર્સિટી પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે.
- ➢ રૂબરૂ ઓબ્ઝર્વેશન ઉતરવહી દિઠ રૂ.૧૦૦/– વિધાર્થીએ કચ્છ યુનિવર્સિટી પોર્ટલ પર ઓનલાઇન ભરવાના રહેશે.
- ➢ રૂબરૂ ઓબ્ઝર્વેશન દરમ્યાન વિધાર્થીએ તેની ઉત્તરવહીમાં કોઇ પ્રશ્ન તપાસવાનો બાકી રહી ગયેલ હોય અથવા સરવાળામાં ભુલ હોય તે બાબતો જોવામાં આવશે. તેની જાણ સ્થળ પર હાજર જે તે અધિકારી/કર્મચારીને કરવાની રહેશે.
- ➢ રૂબરૂ ઓબ્ઝર્વેશન માટે વિધાર્થીએ પોતે જાતે જ રૂબરૂ આવવાનું રહેશે. તેના વાલી કે અન્ય કોઇ સગા–સબંધીને ઉત્તરવહી બતાવવામાં આવશે નહી.
- ➢ રૂબરૂ ઓબ્ઝર્વેશન સમયે વિધાર્થી મોબાઇલ, કોઇ ઉપકરણ કે અન્ય કોઇપણ સાહિત્ય સાથે રાખી શકશે નહી.
- ➢ રૂબરૂ ઓબ્ઝર્વેશનમાં જો કોઇ સુધારો હશે તો તેની જાણ વિધાર્થીને કરવામાં આવશે અને સુધારાવાળી માર્કશીટ તેમની જે તે કોલેજ/ડિપાર્ટમેન્ટ માંથી મેળવી લેવાની રહેશે.
- ➢ રૂબરૂ ઓબ્ઝર્વેશન બાદ પણ જો વિધાર્થીને અસંતોષ હોય તો તુરંત જ વિધાર્થીએ રી–એસેસમેન્ટની ઓફલાઇન/મેન્યુઅલી અરજી કરવાની રહેશે. આ માટે રૂ.૨૦૦/– પેપરદીઠ ભરવાના રહેશે.
- ➢ ઉત્તરવહીનું રી–એસેસમેન્ટ થયા બાદ પરીણામ જાહેર થાય અને વિધાર્થીને અસંતોષ હોય તો પોતાની જ ઉત્તરવહીની નકલ આર.ટી.આઇ. મારફતે માંગી શકશે.
- ➢ વિધાર્થીએ ઉત્તરવહીની નકલ આર.ટી.આઇ.માં મેળવવા માટે આર.ટી.આઇ.ના નિયમોનુસારની ફી ભરવાની રહેશે.

કુલસચિવ
કચ્છ યુનિવર્સિટી

નકલ રવાના :–
૧. કુલપતિશ્રીના કાર્યાલય તરફ.
૨. પરીક્ષા નિયામક કાર્યાલય તરફ.
૩. સિસ્ટમ ઇજનેર તરફ જરૂરી કાર્યવાહી કરવા અર્થે.
૪. તમામ કોલેજો તરફ વિધાર્થીઓને જાણ અર્થે.
૫. માહિતી અધિકારીશ્રી, કચ્છ યુનિવર્સિટી, ભુજ